પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૬૧ ૨૧ ઓગસ્ટ, ૨૦૧૭, સોમવાર ; શ્રાવણ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# કેન્દ્રીય મંત્રીમંડળમાં ધરખમ ફેરફારોના સંકેતો

## ગણેશ ચતુર્થી પછી અને પિતૃપક્ષ શરૂ થાય તે પહેલાં કેબિનેટમાં ફેરફાર થઈ શકે : જેડીયુ બાદ એઆઈડીએમકેના નિર્ણયની રાહ




ન્યુ દિલ્હી,તા.૨૦

નરેન્દ્ર મોદી અંગે કહેવામાં આવે છે કે તેઓ સત્તા પરના પ્રથમ ૩ વર્ષ ઉમદા એડમિનિસ્ટ્રેટરની જેમ રહે છે અને અંતિમ બે વર્ષ એક રાજકારણીની જેમ. હવે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને માત્ર ૨૦ માસ જેટલો જ સમય બચ્યો છે. એવામાં તેઓ રાજકીય તૈયારીઓને અંતિમ રૂપ આપવામાં લાગી ગયા છે. તેમની નજર મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને કર્ણાટકના વિધાનસભા ચૂંટણી પર પણ છે. ભાજપ સંગઠન અને કેન્દ્રીય કેબિનેટમાં મોટા ફેરફાર કરીને રાજકીય સમીકરણો ઉપરાંત સામાજિક સમીકરણોને પણ સાધવા માગે છે. JDUના NDAમાં આવ્યાં બાદ તેઓના પ્રયાસ તમિલનાડુની સત્તાધારી AIADMKને સાથે લાવવાની છે.

મોદી કેબિનેટમાં ગણેશ ચતુર્થી (૨૫ ઓગસ્ટ) પછી અને પિતૃપક્ષ શરૂ થાય તે પહેલાં કેબિનેટમાં ફેરફાર થઈ શકે છે. તમિલનાડુમાં જયલલિતાના નિધન પછી AIADMKના પૂર્વ સીએમ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં સ્વાઈન ફ્લૂનો કહેર યથાવત

## વધુ ૧૭ના મોત : છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૪ પોઝિટિવ કેસ નોંધાયા : મૃત્યુઆંક ૨૭૧ને પાર

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાં સ્વાઈ ફ્લૂએ હાહાકાર મચાવ્યો છે. સ્વાઈફ્લૂના કારણે વધુ ૧૭ના મોત થતાં લોકોમાં ગભરાટ અને અને આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે. અમદાવાદમાં ૪ વડોદરા શહેરમાં ૪ વ્યક્તિઓના મોત થયાં છે. તો અમદાવાદ જિલ્લો, મહેસાણા, ગાંધીનગર, પાટણ અને મહેસાણામાં ૧-૧ વ્યક્તિઓનું મોત થયુ છે. સ્વાઈન ફ્લૂના કારણે અત્યાર સુધીમાં કુલ મૃત્યાંક ૨૭૧ પર પહોંચ્યો છે.

જ્યારે છેલ્લાં ૨૪ કલાકમાં સ્વાઈન ફ્લૂના ૨૩૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા. હાલ સમગ્ર રાજ્યની વિવિધ હોસ્પિટલમાં ૧૫૧૩ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

અમદાવાદ શહેરમાં સ્વાઈ ફ્લૂએ કહેર મચાવી દીધો છે. ત્યારે ગત દિવસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ૨ લાખ ઘરોમાં સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં ૩૬૬૭ સંકાસ્પદ કેસો મળી આવ્યા હતા. જેમાં Category-Bમાં આવતા ૧૪૭ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં ૧૧૪ નવા કેસો નોંધાયા છે. ગત દિવસે ૪ના મોત થયા છે, જ્યારે ૧૫ વેન્ટિલેટર પર છે, ૬૧ દર્દીઓ ઓક્સિજન પર છે.

● અનુસંધાન પાન-૭ પર



# આવતીકાલે હડતાળ પર જવા બેંક કર્મચારીની ધમકી

## ચેક ક્લિયરન્સ સિવાયની સેવા ઠપ થશે : ખાનગી બેંકોમાં ઓપરેશનને કોઇ અસર નહીં થાયઃ ચીફ લેબર કમિશનર સાથેની વાતચીત ફ્લોપ રહેતા હડતાળ



નવીદિલ્હી,તા. ૨૦

મંગળવારના દિવસે હડતાળ ઉપર જવાની બેંકોએ ધમકી આપી દીધી છે જેના પરિણામ સ્વરુપે બેંકિંગ સેવા સંપૂર્ણપણે ઠપ થઈ જાય તેવા સંકેત મળી રહ્યા છે. સરકારની સૂચિત હિલચાલ સામેના વિરોધમાં બેંકિંગ કર્મચારીઓએ હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે. જાહેર ક્ષેત્રની બેંકોની સેવા મંગળવારના દિવસે ઠપ રહેશે. કારણ કે, યુએફબીયુના છત્ર હેઠળ તમામ યુનિયનો હડતાળ પર જવાની ધમકી આપી દીધી છે. મોટાભાગની બેંકોએ તેમના કસ્ટમરોને પહેલાથી જ સૂચના આપી દીધી છે કે, બ્રાન્ચો અને ઓફિસોમાં કામગીરી જો હડતાળ પડશે તો ખોરવાશે. બીજી બાજુ આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા જેવી ખાનગી બેંકોમાં ઓપરેશન ચેક ક્લીયરન્સમાં વિલંબ સિવાય સામાન્ય રહે તેવી શક્યતા છે. ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફડરેશન, ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન, નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સ સહિત નવ યુનિયનોની છત્ર સંસ્થા યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન હેઠળ યુનિયનો હડતાળ ઉપર જવાના છે.

ચીફ લેબર કમિશનર સાથેની તેમની મિટિંગ ફ્લોપ થઈ છે જેના

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કાઝીરંગામાં પૂરથી ૩૩૦ પ્રાણીઓના મોત

આસામમાં આવેલા કાઝીરંગા નેશનલ પાર્ક પૂરના પાણીથી ઘેરાઈ ગયો છે. છેલ્લા બે માસમાં બે વાર આવેલા પૂરના કારણે કાઝીરંગા નેશનલ પાર્કના ૩૩૦ જેટલા પ્રાણીઓ મૃત્યુ પામ્યા છે.

### મોદીએ રાજીવગાંધીને તેમની જન્મજયંતિએ યાદ કર્યા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. રાજીવ ગાંધીને તેમની ૭૪મી જન્મજયંતિએ યાદ કરી ટવીટ કર્યું હતું. દેશ માટે તેમનું યોગદાન સ્મરણીય છે તેમ તેમણે ટવીટમાં જણાવ્યું હતું.

### અમિત શાહે ભોપાલમાં આદિવાસીના ઘરે ભોજન લીધુ

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ



અમિત શાહે રવિવારે મુખ્યમંત્રી મેઘાવી વિદ્યાર્થી યોજના અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણ પત્ર આપ્યા. આ કાર્યક્રમ લાલ પરેડ ગ્રાઉન્ડમાં યોજાયો હતો. જે બાદ તેઓ રાતીબડના સેવનિયા ગોડ ગામ ગયા હતા. જ્યાં તેમણે એક આદિવાસીના ઘરે ભોજન લીધું. અમિત શાહના પ્રવાસની શરૂઆતથી આદિવાસીના ઘરે ભોજન લેવાની અટકળો કરવામાં આવતી હતી.

# હું પીએમના પક્ષમાં છું, પરંતુ શાહની તરફદારી નથી કરતી : મમતા બેનર્જી

## દેશમાં સુપ્રીમ તાનાશાહીનું વાતાવરણ છે, જેમાં એક પાર્ટી અધ્યક્ષ સરકારી મામલાઓમાં દખલગીરી કરી રહ્યા છે



ન્યુ દિલ્હી/કોલકાત્તા,તા.૨૦

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જીના વલણમાં એક મોટું પરિવર્તન જોવા મળ્યું છે. નોટબંધી, જીએસટી જેવા મામલાઓ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ આકરી નિવેદનબાજી કરનારા મમતા બેનર્જી હવે સૂર બદલાતા દેખાઈ રહ્યા છે. મમતા બેનર્જીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે તેઓ વડાપ્રધાન મોદીના પક્ષમાં છે.પરંતુ અમિત શાહની તરફદારી કરતા નથી. મમતા બેનર્જીના વલણમાં ફેરફારને ભાજપ મોદીની નીતિઓની સ્વીકાર્યતા તરીકે જોઈ રહ્યું છે અને વિપક્ષ માટે આ મામલો ચોંકાવનારો છે.

મમતા બેનર્જીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું છે કે ''તેઓ વડાપ્રધાન મોદીની ફેવર કરે છે, પણ અમિત શાહની નહીં. તેઓ વડાપ્રધાનને દોષ આપતા નથી. તેમને દોષ શા માટે આપવો

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં માત્ર પાંચ વર્ષમાં ૫૮૬ ટ્રેન અકસ્માત

## પાટા પરથી ખડી પડવાના ૫૩ ટકા અકસ્માત : નવેમ્બર ૨૦૧૪ બાદથી ૨૦ ટ્રેન દુર્ઘટનાઓ સર્જાઈ ચુકી છે : ૨૦૧૭માં પણ અનેક મોટી દુર્ઘટનાઓ સર્જાઈ

નવી દિલ્હી,તા. ૨૦

ઉત્કલ એક્સપ્રેસ ટ્રેન દુર્ઘટનાના મામલે દેશભરમાં ભારે ખળભળાટ મચેલો છે ત્યારે એવું જાણવા મળ્યું છે કે, છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૫૮૬ ટ્રેન અકસ્માતો થઈ ચુક્યા છે જે પૈકી પાટા પરથી ખડી પડવાના કારણે ૫૩ ટકા ટ્રેન દુર્ઘટના સર્જાઈ છે. છતાં રેલવે તંત્ર દ્વારા સુરક્ષાના નામ ઉપર ઓછા પગલા લેવાયા છે. રેલવે તંત્રને અપગ્રેડ કરવા અને આવા બનાવોને રોકવા માટે શ્રેણીબદ્ધ પગલાઓની ઘોષણા સતત થતી રહી છે પરંતુ અકસ્માતોનો દોર જારી રહ્યો છે. શનિવારના દિવસે સાંજે પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં મુઝફ્ફરનગર નજીક ઉત્કલ એક્સપ્રેસના ૧૪ કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. નવેમ્બર ૨૦૧૪ બાદથી ૨૦ રેલવે અકસ્માતો થઈ ચુક્યા છે જે પૈકી કેટલાક નજીવા અકસ્માતો થયા છે. ૨૦મી નવેમ્બર ૨૦૧૬ના દિવસે મોટી ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. એ વખતે ઈન્દોર-પટણા એક્સપ્રેસ કાનપુર નજીક ખડી પડતા ૧૫૦ના મોત થયા હતા અને ૧૫૦ લોકો ઘાયલ થયા હતા. મધ્યપ્રદેશમાં ચોથી ઓગસ્ટ ૨૦૧૫ના દિવસે ટ્વીન રેલવે દુર્ઘટના થઈ હતી તે દિવસે વારાણસી તરફ આવી રહેલી કામખ્યા એક્સપ્રેસ પાટા પરથી ખડી પડી હતી. ત્યારબાદ જનતા એક્સપ્રેસ પણ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી જેમાં બંને બનાવને ગણીને ૩૧ લોકોના મોત થયા હતા અને ૧૦૦ લોકો ઘાયલ થયા હતા. ૨૫મી મે ૨૦૧૫ના દિવસે ઉત્તર પ્રદેશમાં રોરકેલા-જમ્મુતવી દુર્ઘટનાગ્રસ્ત થતાં પાંચના મોત થયા હતા.

# રાજીવ ગાંધીની જન્મ જયંતિ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા

## સોનિયા ગાંધી, રાહુલ વીરભૂમિ પર પહોંચ્યા

નવી દિલ્હી,તા. ૨૦

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૭૩મી જન્મજયંતિ નિમિત્તે આજે દેશના લોકોએ તેમને યાદ કર્યા હતા. સાથે સાથે દેશના જુદા જુદા ભાગમાં વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. રાજીવ ગાંધીની જન્મ જયંતિ પર કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, ઉપપ્રમુખ રાહુલ ગાંધી, પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શિલા દીક્ષિત તેમની સમાધીના સ્થળ વીર ભૂમિ પર જઈને શ્રદ્ધાંજલિ આપી હતી. દરમિયાન રાજીવ ગાંધીની ૭૩મી જન્મજયંતિ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમને યાદ કર્યા હતા અને તેમના દેશને યોગદાનની પ્રસંશા કરી હતી. ટ્વિટર પર મોદીએ રાજીવ અને તેમના યોગદાનને યાદ કરીને અંજલિ આપી હતી. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ તેમના સમાધી પર જઈને શ્રદ્ધા સુમન અર્પિત કર્યા હતા.



રાજીવ ગાંધીનો જન્મ ૨૦મી ઓગષ્ટના દિવસે ૧૯૪૪ના દિવસે થયો હતો. વર્ષ ૧૯૮૪ના દિવસે ઈન્દિરાગાંધીની હત્યા કરવામાં આવ્યા બાદ રાજીવ ગાંધી ભારે બહુમતિ સાથે જીતી ગયા હતા. ત્યારબાદ તેઓ દેશના સાતમા વડાપ્રધાન બન્યા હતા. એ વખતે તેમની વય ૪૦ વર્ષની હતી. દેશના સૌથી નાની વયમાં તેઓ વડાપ્રધાન બન્યા હતા. રાજીવ ગાંધીના લગ્ન વર્ષ ૧૯૬૮માં સોનિયા ગાંધી સાથે થયા હતા. સોનિયા ગાંધી ઈટાલીમાં રહેતા હતા. એ વખતે તેમનુ નામ એન્ટોનિયા માઈનો હતુ. ત્યારબાદ લગ્ન બાદ નામ બદલી દેવામાં આવ્યુ હતુ. ૨૧મી મે ૧૯૯૧ના દિવસે તમિળનાડુના શ્રીપેરંબદુરમાં કરવામાં આવેલા ત્રાસવાદી હુમલામાં રાજીવ ગાંધીનુ મોત થયુ હતુ.

# ઉત્કલ ટ્રેન દુર્ઘટનામાં મૃત્યુઆંક ૨૬

## ઇજાગ્રસ્ત પ્રવાસી પૈકી અનેકની હાલત હજુ પણ ગંભીર : પાટા પરથી કોચને દૂર કરવા હેવી ડ્યુટી ક્રેનનો ઉપયોગ : વ્યસ્ત રુટ પર ટ્રેન સેવા ફરી સામાન્ય : ૧૦થી વધુ ટ્રેનો ડાયવર્ટ

મુઝફ્ફરનગર,તા.૨૦

ઉત્કલ એક્સપ્રેસ ટ્રેન દુર્ઘટનામાં મોતનો આંકડો આજે વધીને ૨૬ ઉપર પહોંચ્યો હતો અને ઘાયલોની સંખ્યા વધીને ૧૫૦ ઉપર પહોંચી હતી. બીજી બાજુ ઉત્કલ એક્સપ્રેસ દુર્ઘટનાના મામલે આઈપીસીની કલમ ૩૦૪એ (બેદરકારીના કારણે મોત) સહિત જુદી જુદી કલમો હેઠળ વનઓળખાયેલા લોકો સામે એફઆઈઆર દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી છે. અન્ય જુદી જુદી કલમો પણ એફઆઈઆરમાં ઉમેરવામાં આવી છે. હાઈસ્પીડથી જઈ રહેલી ઉત્કલ એક્સપ્રેસ ગઈકાલે પાટા પરથી ખડી પડી હતી. તેના ૧૩ કોચ પાટા પરથી ખડી પડતા જે પૈકી એક કોચ નજીકના આવાસ ઉપર પણ પડતા ભારે નુકસાન થયું હતું.

ઉત્તરપ્રદેશના ખટોલી નજીક આ બનાવ બન્યો હતો જેમાં મોતનો આંકડો આજે વધીને ૨૬ ઉપર પહોંચ્યો હતો. ઘાયલોની સંખ્યા ૧૫૦તી વધુ દર્શાવવામાં આવી છે. ખડી પડેલા કોચને દૂર કરવા માટે બે હેવી ડ્યુટી ૧૪૦ ટનની ક્રેનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મોડી રાત સુધી બચાવ અને રાહત કામગીરી ચાલી હતી. મોટી સંખ્યામાં હજુ લોકો સારવાર હેઠળ છે.


ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

